ગુજરાત વહિવટી સેવા વર્ગ-૧ અને
ગુજરાત વિકાસ સેવા વર્ગ-૨ ના
અધિકારીઓની સ્વૈચ્છિક નિવૃતિ
અંગે કરવાની કાર્યવાહી બાબત..

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ- પરચ-૧૦૨૦૧૧-૩૨૩૯-ઝ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૨-૦૧-૨૦૧૨

પરિપત્ર :-

વિભાગના ધ્યાન પર આવેલ છે કે ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ અને ગુજરાત વિકાસ સેવા વર્ગ-૨ ના અધિકારીઓ સ્વૈચ્છિક રીતે નિવૃત થવાની ત્રણ માસની નોટીસ આપે ત્યાર બાદ વિભાગને તેની જાણ સમયસર કરવામાં આવતી નથી, અને ત્રણ માસના સમય પૈકીનો મોટા ભાગનો સમય જીલ્લા વિકાસ અધિકારીશ્રીની કચેરીમાં અને વિકાસ કમિશ્નરશ્રીની કચેરીમાં વ્યતિત થઇ જાય છે, અને સ્વૈચ્છિક નિવૃતિને ગણતરીના દિવસો બાકી હોય છે ત્યારે દરખાસ્ત વિભાગને મળે છે. કયારેક અધુરી દરખાસ્તો મળે છે. જેના પરિણામે સ્વૈચ્છિક નિવૃતિ અંગેની દરખાસ્ત પરત્વે સમય મર્યાદામાં નિર્ણય કરવામાં મુશ્કેલી પડે છે. આ પરિસ્થિતિ નિવારવા માટે નીચે મુજબની કાર્યવાહી કરવા આથી વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર તેમજ તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને આથી, જણાવવામાં આવે છે.

(૧) કોઇપણ અધિકારી ધ્વારા સ્વૈચ્છિક નિવૃત થવાની નોટીસ ત્રણ માસ પૂર્વે આપવામાં આવે ત્યારે તરતજ વિભાગને અને વિકાસ કમિશ્નરશ્રીને અરજીની નકલ મોકલી જાણ કરવી.

(૨) સ્વૈચ્છિક નિવૃતિની નોટીસ મળયા બાદ સબંધકર્તા અધિકારીની સેવા ખરાઇ કરવા માટેની દરખાસ્ત સબંધકર્તા જીલ્લા વિકાસ અધિકારીશ્રીએ તુરતજ નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગરને આ વિભાગની જાણ હેઠળ કરવી.

(૩) સ્વૈચ્છિક નિવૃતિ માટેની પરવાનગી આપવા માટેની દરખાસ્તમાં (૧) સબંધકર્તા અધિકારીની સેવા ખરાઇનુ પ્રમાણપત્ર (૨) જો કોઇ લેણું બાકી હોયતો તેના ઉલ્લેખ સહિતનું બાકી લેણાં અંગેનું પ્રમાણપત્ર (૩) કોર્ટ કેસની માહિતી (૪) ખાતાકીય તપાસની માહિતીની વિગતો સાથેની દરખાસ્ત વિકાસ કમિશ્નરશ્રીને તાત્કાલિક મોકલી આપવી.

(૪) વિકાસ કમિશ્નરશ્રીએ સ્વૈચ્છિક નિવૃતિ અંગેની નોટીસ મળયા બાદ સબંધિત અધિકારી સામે પડતર ખાતાકીય તપાસની તથા કોર્ટ કેસની વિગત (અન્ય જીલ્લાની ફરજ સુધ્ધાનો) તાત્કાલિક આ વિભાગને મોકલી આપવી.

(૫) ઉપર મુજબની સંપુર્ણ વિગતો સહિતની દરખાસ્ત અધિકારીએ જે માસમાં સ્વૈચ્છિક નિવૃત

(PTO)

થવાની માંગણી કરી હોય તેના અગાઉના માસમાં વિભાગને અચુક મોકલી આપવી.

(૬) સ્વૈચ્છિક નિવૃતિ અંગે વિભાગે આખરી નિર્ણય ન કર્યો હોય અથવા તો સ્વૈચ્છિક નિવૃતિનો અસ્વિકાર કરેલ હોય તેવા કિસ્સામાં માંગણી કરનાર અધિકારી વધુ એક માસ પછી નિવૃત થવા દેવાની પરવાનગી માંગતી અરજી રજુ કરેતો તેમને નવેસરથી ત્રણ માસની નોટીસ આપવા જણાવી રજુઆત પરત કરવી.

ઉપર મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી. આર. ભગોરા)
ઉપ સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

પ્રતિ,
- વિકાસ કમિશ્નરશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ,ડો. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રમી, ગ્રામ વિકાસ પંચાયતી રાજ ભવન, જુનાગઢ.
- જીલ્લા વિકાસ અધિકારીશ્રી, સર્વે.
- નિયામકશ્રી, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, તમામ
- સેકશન અધિકારીશ્રી, મ-શાખા, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ શાખા.
- પસંદગી ફાઇલ નાયબ સેકશન અધિકારી.